7 8 26

Reg No 271

સચીન સ્ટેટ.

સને ૧૯૨૬ ના એક્ટ ૧—૨—૩

મળવાનું—દીવાન રાઉમ, સચીન સ્ટેટ,
મુ૦ સચીન."

"સુરત અખબાર" પ્રેસમાં પીરોજશા બેહરામજી પટેલે છાપ્યા છે.
ઠે૦ ભાગાતળાવરોડ, સુરત.

૧૩૦૧૧

સચીણ સ્ટેટ.

સને ૧૯૨૬ નો એકટ પહેલો.

સચીણુ સ્ટેટમાં વેસ્યાગમન સંબંધે કાયદો કરવાની જરૂર જણાતાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૧. આ કાયદાને સચીણુ સ્ટેટનો ૧૯૨૬ નો વેસ્યાગમન અટકાવવાનો કાયદો કહેવામાં આવશે.

૨. આ કાયદો તા૦ ૧ ઓગસ્ટ ૧૯૨૬ ના રોજથી અમલમાં આવશે.

૩. આ કાયદાના કાર્ય માટે કોઇ ઓરત અગર છોકરી જે પોતાનું શરીર સંભોગ કરવા આપી તેની કમાઇથી આ સ્ટેટની હદમાં અથવા પરહદમાં ગુજરાન કરતી જણાશે તેને "વેસ્યા" એવું નામ આપવામાં આવ્યું છે.

૪. જયારે એમ જણાશે કે કોઈ શખશ વેસ્યાગમનથી ગુજરાન કરવા માટે અથવા વેસ્યાગમન માટે કોઇ વેસ્યા અથવા સ્રી અથવા છોકરીને સ્ટેટની હદમાં લાવવાનો ઇરાદો રાખે છે અથવા લાવે છે ત્યારે સ્થાનીક પોલીસ તે બાબતનો સ્થાનીક માજીસ્ટ્રેટને રીપોર્ટ કરશે. અને તે ઉપરથી સદરહુ મેજીસ્ટ્રેટ તેવા શખશને લાવતા પહેલાં અગર લાવ્યા પછી ત્રણ કલાકમાં સ્ટેટની હદ છોડી જવા હુકમ આપશે.

૫. જો હુકમનો અમલ નહી કરવામાં આવશે તો મેજીસ્ટ્રેટ તે કામમાં સંડોવાયલા શખશોને પકડવાનું વારંટ કાઢશે. અને તેઓની ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ આગળ તપાસ થઇ ગુનો

સાબીત થતાં તેઓ ગમે તે પ્રકારની છ માસ સુધીની કેદ અથવા પાંચશો રૂપીઆ સુધીનો દંડ અથવા બંને સજાને પાત્ર થશે અને નામદાર સરકાર નવાબ સાહેબ બહાદુર ફરમાવશે તો ફટકાની શીક્ષાને પણ પાત્ર થશે

૬. સચીણ સ્ટેટની કોઇ સ્ત્રી અગર છોકરીને કોઇ શખ્શ તે સ્ત્રી અગર છોકરીના પતી (ધણી) સીવાય બીજા કોઇ શખશ સાથે સંભોગ માટે રોકશે અગર સચીણ સ્ટેટની કોઇ સ્ત્રી અગર છોકરીને ફોસલાવવાનો પ્રયત્ન કરશે, અગર તેની પાસે અઘટીત માંગણીઓ કરશે તો તે શખશ પણ ઉપર કલમ ૫ માં લખેલી શીક્ષાને પાત્ર થશે.

૭. સચીણ સ્ટેટની કોઇ સ્ત્રી અગર છોકરી જે પોતાનું શરીર પૈસા લઇ સંભોગ કરવા આપશે અથવા પોતાના ધણી સીવાય બીજા પારકા શખશ સાથે સંભોગ કરશે તેણે છીનાળુ કીધું ગણાશે. અને તેનું માથું મુંડાવી તથા બાલ કપાવી તેની ફજેતી કરવામાં આવશે. અને વળી તે ગામ માંથી કાઢી મુકવાને પણ પાત્ર થશે. અથવા છ માસ સુધીની ગમે તે પ્રકારની કેદ અથવા પાંચશો રૂપીઆ સુધીના દંડની શીક્ષાને પણ પાત્ર થશે.

સમર પેલેસ
ડુમસ.
તા૦ ૧૭ મે ૧૯૨૧.

નવાબ સાહેબ ઓફ સચીણ.

ખરો તરજુમો
MANIRAM AMBARAM
દીવાન, સચીન સ્ટેટ.

સચીણ સ્ટેટ.

સને ૧૯૨૬ નો એકટ બીજો.

૧. બદમાસ, લુચ્ચા, લફંગા માણુસો અને જેઓ સ્ટેટના હીતના વીરોધીઓ હોએ એવા શખસો સ્ટેટની હદમાં દાખલ થાય તે અટકાવવા તથા તે ઉપર દેખરેખ રાખવા નીયમ કરવા જરૂર જણાતાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૨. આ કાયદાને સને ૧૯૨૬ નો પરદેશી અને બદમાસોનો કાયદો એવું નામ આપવામાં આવ્યું છે અને તે તા૦ ૧ ઓગસ્ટ ૧૯૨૬થી અમલમાં આવશે.

૩. આ કાયદામાં બતાવેલા ઠરાવોથી નામદાર નવાબ સાહેબ બહાદુરનો આ કાયદામાં બતાવેલી ક્રિયાઓ કર્યા વગર કોઈપણ શખશને સ્ટેટની બહાર કાઢી મુકવાનો જે રાજ્યાધીકાર છે તેને બાધ આવશે નહી.

૪. નામદાર નવાબ સાહેબ બહાદુરના હુકમ અનુસાર ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ઉપર બતાવેલા કીસમના શખશ ઉપર રાજ્યની હદ ચોવીસ કલાકમાં છોડી જવાનો અથવા ચાબુકની અથવા અમુક મુદત સ્ટેટની બહાર રહેવાની નોટીસ કાઢશે.

૫. સદરહુ હુકમનો અમલ જે શખશ નહીં કરશે તેને કોઈ પણ માજીસ્ટ્રેટના હુકમથી પોલીસ પકડી બેડી પહેરાવી

સ્ટેટની હદ બહાર મુકી આવશે. નામદાર નવાબ સાહેબ બહાદુર અથવા ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ હુકમ કરશે તો તેને ચાલીસ ફટકા સુધીની શીક્ષા કરવામાં આવશે.

૬. આ કાયદા પ્રમાણે દેશપારનો જે હુકમ થશે તે જાણુંના અગર અમુક મુદતનો થશે અને તે સ્ટેટના ગેજીટમાં બદમાસોના લીસ્ટમાં પ્રસીદ્ધ થશે.

૭. સદરહુ શખશે સ્ટેટમાં ચાલતા કાયદાઓ વીરૂદ્ધ કંઇ ગુન્હો કર્યો હશે તો તેની તપાસ તે કાયદા પ્રમાણે થશે.

સમર પેલેસ
ડુમસ.
તા૦ ૧૭ મે ૧૯૨૧.

નવાબ સાહેબ ઓફ સચીણ.

ખરો તરજુમો

MANIRAM AMBARAM

દીવાન સચીન સ્ટેટ.

સચીણ સ્ટેટ.

સને ૧૯૨૬ નો એકટ ત્રીજો.

સ્ટેટની રૈયત અને ખાસ કરીને હલકી વર્ણની અભણ પ્રજા જેને દગાબાજ લોકો દૈવી શકતી હોવાનો દાવો કરી છેતરે છે તેના હીત ખાતર દગાબાજ લોકોના કૃત્ય ઉપર અંકુશ મુક વાની જરૂરી જણાતાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૧. આ કાયદાને સચીણ સ્ટેટનો ૧૯૨૬નો નાપાક જાદુમંતરનો કાયદો એવું નામ આપવામાં આવ્યું છે અને તે તા૦ ૧ ઓગષ્ટ ૧૯૨૬ થી અમલમાં આવશે.

૨. મોહ ઉત્પન્ન કરવા, બીક ઉત્પન્ન કરવા, ત્રાસ ઉત્પન્ન કરવા અથવા કોઇ શખશના મન, શરીર, મીલકત અથવા જનાવરને ઇજા કરવા કંઈ કૃત્ય કરવામાં આવશે. તે કૃત્ય નાપાક જાદુ મંતર ગણાશે.

૩. કોઇ શખશ દૈવી શકતી ધરાવવાનો, નાપાક જાદુમંતર છુમંતર કરવાનો અથવા મેલી વિદ્યા જાણવાનો ઢોંગ કરશે અથવા મંત્ર જંત્રનો જાણનાર છઉં એમ કહી પોતાની પાસે આવનારને તેવાં જંત્રનો ઉપયોગ કરવા ભલામણ કરશે અથવા તેવા જંત્રો આપશે અથવા કોઇ માણસને ઉપલાં સાધનો અથવા ક્રીયાઓ, જેનાથી બીક તથા ત્રાસ ઉત્પન્ન થાયે અથવા કોઈ શખશના મન, શરીર, મીલકત અથવા જનાવરને ઇજા થાય તેવાં સાધનો તથા ક્રીયાનો ઉપયોગ

કરશે અથવા ઉપયોગ કરવામાં મદદ કરશે તો તે નાપાક જાદુમંતર કરવાનો ગુનેગાર થશે અને એમાંથી ગમે તે પ્રકારની બે વરસ સુધીની કેદ અથવા રૂ૦ ૧૦૦૦) એક હજાર સુધીના દંડ તથા બંને શીક્ષાને પાત્ર થશે.

અપવાદઃ—કાયદાને માટે ,એટલે નાપાક જાદુમંતરના બચાવ માટે અથવા તેની ખરાબ અસર દુર કરવા માટે તાવીજો અથવા જંત્રો આપવામાં આવે તેને આ કાયદો લાગુ પડશે નહીં.

૪. કોઈ માણુસ બીજા માણુસને પોતે જાદુ કરવાની અથવા બીજા મારફત જાદુ કરાવવાની ધમકી આપશે તે માણુસ છ માસ સુધીની ગમે તે પ્રકારની કેદ અથવા રૂ૦ ૨૫૦) સુધીનો દંડ અગર બંને શીક્ષાને પાત્ર થશે.

૫. કોઇ માણુસ બીજા જાદુ કરનાર માણુસની જાદુ કરવા માટે મદદ માગશે તો તે નાપાક જાદુમંતર કરાવવાના ગુન્હાનો ગુનેગાર થશે. અને ગમે તે પ્રકારની વરસ એકની કેદ અથવા રૂ૦ ૫૦૦) સુધીના દંડ અથવા બંને શીક્ષાને પાત્ર થશે.

૬. જો કોઇ માણુસ બીજા માણુસને અસાધારણુ સાધનોથી કંઇ ગુન્હો અથવા બાબત શોધી કાઢવા માટે નોકરીમાં રાખશે અથવા માગણી કરશે તો તે ગુનેગાર થશે. અને ગમે તે પ્રકારની છ માસ સુધીની કેદ અથવા રૂ૦ ૨૫૦) સુધીના દંડની શીક્ષાને પાત્ર છે.

૭. કોઇપણુ માણુસ જેના કબજામાં કંઇ જંત્ર અથવા નાપાક જાદુમંતર, છુમંતર, તથા મેલી વિદ્યામાં સાધારણુ રીતે ઉપયોગમાં આવે તેવી ચીજ હશે અને તે પોતાના કબજામાં તે રાખવા માટે વાજબી કારણો બતાવશે નહી તો

ગુનેગાર ગણાશે ગમે તે પ્રકારની છ માસ સુધીની કેદ અથવા રૂ૦ ૨૫૦) સુધી દંડ અથવા બંને શીક્ષાને પાત્ર થશે અને જંત્ર અથવા ચીજ જપ્ત કરવામાં આવશે અને તેનો નાશ કરવામાં આવશે. અગર મેજીસ્ટ્રેટ જે પ્રમાણે હુકમ કરશે તે પ્રમાણે અમલ થશે.

૮. કોઇ માણસ બીજાના ઉપર ડાકણ હોવાનું અથવા નાપાક જાદુમંતર કરવાનું તોહોમત મુકશે અગર તોહોમત મુકવાની ધમકી આપશે તો તે માણસ હિ. ફો. કાયદામાં બતાવેલા આબરૂ લેવાના ગુન્હાનો તકસીરવાર થશે અને તે પ્રમાણે તેને શીક્ષા થશે.

અપવાદઃ—ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ, પોલીસ અમલદાર ગામના પટેલ અગર બીજા સત્તાધીકારી આગળ જાહેર કરે અને સાબીત કરે તેનો આ કલમમાં બતાવેલા ગુન્હામાં સમાસ થશે નહી.

૯. આ કાયદામાં જે ગુન્હા બતાવ્યા છે તે કરવામાં જે મદદ કરશે તે મદદગાર ગણાશે. અને ગુન્હો કરનાર માટે જે શીક્ષા ફરમાવેલી છે તેટલીજ શીક્ષાને પાત્ર થશે.

૧૦. આ કાયદામાં માણસ અને શખશ શબ્દ વાપર્યો છે. તેમાં મરદ અને સ્ત્રી બંનેનો સમાસ થાય છે.

૧૧. જે શીક્ષાઓ આ કાયદામાં ફરમાવી છે તે વધુમાં વધુ થઇ શકે તે બતાવેલી છે.

૧૨. જો કોઈ ગામનો પટેલ આ કાયદા વીરૂદ્ધનું કોઇ કૃત્ય અથવા નાપાક જાદુમંતર સીધી અથવા આડકતરી રીતે થવા દેશે, તેને ઉત્તેજન આપશે અથવા સવલતા કરી આપશે અથવા થાય છે એમ જાણ્યા છતાં તે બાબતની ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને ખબર આપશે નહી તો તે રૂ૦ ૨૫૦) સુધીના દંડની શીક્ષાને પાત્ર થશે.

૧૩ બધા સારા અને સમજદાર માણસોની આ ખરાબ કૃત્યો ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની જાણમાં આણવાની ફરજ છે.

૧૪ આ કાયદામાં બતાવેલા ગુન્હા સાબીત થયેથી તે ગુન્હાની ખબર આપનારને માજીસ્ટ્રેટની મુનસફી પ્રમાણે થએલા દંડ માંથી ઘણામાં ઘણા પચીશ ટકા સુધીનું ઇનામ આપી શકાશે.

૧૫ જ્યારે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને નાપાક જાદુમંતર કરવાનો અથવા આ કાયદા પ્રમાણેના ગુન્હાની ખબર મળે ત્યારે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે તે સંબંધી તપાસ કરી તપાસના કાગળો સાથે નામદાર નવાબ સાહેબ બહાદુર તરફ રીપોર્ટ કરી હુકમ માંગવો. જો તે માણસને સ્ટેટની હદમાંથી દેશપાર કરવાનો હુકમ આવે તો તે પ્રમાણે અમલ કરવો અને તેના ઉપર કામ ચલાવવાનો હુકમ થાય તો તે પ્રમાણે અમલ કરવો.

૧૬ સ્ટેટની હદ બહાર કાઢવાના પાછલી કલમમાં બતાવ્યા પ્રમાણે થએલા હુકમનો અમલ કરવા ના પાડશે અગર અમલમાં લાવવા ચુકશે તે માણસ ઉપર કામ ચાલી રૂ૦ ૧૦૦) સુધીના દંડ અથવા ત્રણ માસ સુધીની એમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે.

૧૭ આ કાયદા પ્રમાણેના ગુન્હાઓમાં મેજીસ્ટ્રેટે જે શીક્ષાઓ કરી હોએ તે ઉપરાંત તે શખશને સ્ટેટની હદ બહાર કાઢવાની જરૂર મેજીસ્ટ્રેટને જણાતાં તે પ્રમાણેનો રીપોર્ટ તેઓ નામદાર નવાબ સાહેબ બહાદુરને તે કરશે.

૧૮ આ કાયદામાં બતાવેલા ગુન્હાઓનો નીકાલ કરવાનો અધીકાર ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટને છે.

સમર પેલેસ
ડુમસ.
તા૦ ૧૭ મે ૧૯૨૬.

નવાબ સાહેબ ઓફ સચીણ.

ખરો તરજુમો
MANIRAM AMBARAM
દીવાન, સચીન સ્ટેટ.